જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૮/૧૦/૨૦૧૪ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૫૧૯/૧૪</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૬૦ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૩ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ.

<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૫૨૦/૧૪</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

<u>ખુનની ફરીયાદ : -</u> <u>સમાચાર યાદી નં.૨૫૨૧/૧૪</u>

**ઓઢવ :** ગીતાબેન લખાજી ઠાકોર (ઉ.વ.૪૦) (રહે.રીંગરોડ સર્કલ પાસે આવેલ શબરી હોટલ સામે, સરસ્વતી ચુનાની ફકટરી પાસે આવેલ છાપરામાં, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૧૦/૧૪ રાતનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતા આરોપી પોતાના જેઠ બુધાજી શાંતાજી ઠાકોર (ઉ.વ.૬૦) અને આરોપી અમરતભાઇ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) પોતાના ઘરે આવી કહેલ કે “તુ મારી રખાત તરીકે રહી જા, તારી જમીન વેચીને જે પૈસા આવશે તે વાપરીશુ” તેમ કહી ગીતાબહેન સાથે ઝઘડો કરતાં હતા, દરમ્યાન ગીતાબહેનના ધર્મના ભાઇ ભરતભાઇ ઉપેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૪૦) વચ્ચે પડતા બુધાજીએ ભરતભાઇને લોખંડના સળીયાથી માથામાં અને જમણા હાથના ખભા ઉપર જીવલેણ ઇજાઓ પહોચાડી ભરતભાઇનું સ્થળ ઉપર મોત નિપજાવ્યુ હતુ તેમજ ગીતાબહેનને માથામાં અને ડાભા ખભા ઉપર સળીયા વડે ઇજા કરી, અને આરોપી અમરતભાઇએ ગીતાબહેનની ભાભી મંજુલાબેનને ડાબા હાથે લાકડી મારી ગંભીર ઇજાઓ કરી બંને આરોપીઓ નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.આર.જનકાત ચલાવે છે.

<u>ઘરફોડ :-</u> <u>સમાચાર યાદી નં.૨૫૨૨/૧૪</u>

**વટવા :** પ્રવિણદાન કલુભાઇ ગઢવી (રહે.નિગમ સોસાયટી, અંબેમાતાનાં મંદિર પાસે, ઘોડાસર વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૧૦/૧૪ બપોરનાં ૩/૦૦ થી તા.૭/૧૦/૧૪ સાંજના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૪૦,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.ચૌધરી ચલાવે છે.

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૨૩/૧૪</u>**

**સરદારનગર :** ગુપ્તાભાઇ રણજીતભાઇ સબાદ (રહે.કોતરપુર વોટરવર્કસની સામે, નોબલનગર, સરદારનગર)એ તા.૩/૯/૧૪ રાતનાં ૧૦/૦૦ વાગે પોતાના રહેણાંક નજીક મહિન્દ્રા બોલેરો ટેમ્પર ગાડી ટી.સી.નંબર જીજે.૨૭.ઝેડ.કે.૪૧૧૯ કિંમત રૂપિયા ૬,૨૬,૪૯૯/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૪/૯/૧૪ કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ ગુપ્તાભાઇ સબાદે તા.૭/૧૦/૧૪ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.મકવાણા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ : -</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૨૪/૧૪</u>**

**ગુજરાત યુનિવર્સીટી :** નિકુજકુમાર  જયેશભાઇ મકવાણા (રહે.શ્રીશકિત નિવાસ લક્ષ્મીપુરાની ચાલી રાયપુર દરવાજા બહાર, ગીતામંદિર કાગડાપીઠ)(પો.કો.ઇસનપુર પોલીસ સ્ટેશન) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧૦/૧૪ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે પોતે સરકારી મોટર સાયકલ નંબર જીજે.૧૮.જી.૯૭૫૧ ઉપર ઇસનપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં પો.કો.ધર્મેન્દ્રસિંહ ગોકરણસિંહ રાજપુત (૫૦ વર્ષ આશરાનાં) નાઓને મોટર સાયકલ ઉપર પાછળ બેસાડી સીમા સૌરભ ગાર્ડન પાસે આવતાં, આરોપી હોમગાર્ડ દિનેશભાઇ કીર્તીભાઇ દોશી પોતાનું મોટર સાયકલ નંબર જીજે.૨૭.એ.બી.૭૪૪૯ પુરઝડપે ચલાવી લાવી નિકુજકુમારનાં સરકારી મોટર સાયકલને ટક્કર મારતાં પાછળની સીટ ઉપર બેસેલ ધર્મેન્દ્રસિંહ રસ્તા ઉપર પડી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમને વી.એસ.હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

**શાહીબાગ :** માર્કન્ડસિંહ નરપતસિંહ જોધા(ઉ.વ.૩૦)(રહે.ગામ: મેઢાસણ, તા.મોડાસા, જી.અરવલ્લી) તા.૬/૧૦/૧૪ રાતનાં ૧૧/૧૫ વાગ્યાના સુમારે એરપોર્ટ સર્કલ થી કેમ્પસદર બજાર રોડ તરફ જતાં આવેલ આર્મી ડીસ્કેટ હોક પેટ્રોલપંપ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી માર્કન્ડસિંહનાં મોટર સાયકલને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર માર્કન્ડસિંહના પિતા નરપતસિંહ જોધા એ તા.૭/૧૦/૧૪ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.સી.રાવત ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.